ગાંધીનગર સમાચાર



સે-૫ના સીએનજી ગેસ પંપે ચલણી નોટો પર ચુકવનારનું નામ-ઠામ લખાય છે

# ગાંધીનગરની સેજલે તબીબી સેવા છોડી વહીવટી સેવા અપનાવી

ગાંધીનગર, તા.૨૩

'કરતા જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય',
વણ તુટેલે તાંતણે-ઉપર ચઢવા જાય.'

બસ કંઈક આવી જ કહાની છે સે-૧૩-બીની એક યુવતીની જેણે આશરે ૩૫ જેટલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી છે. એમાંથી ૨૧ પરીક્ષાઓમાં નાપાસ થવા છતાં હિંમત હાર્યા વગર ૧૪ પરીક્ષામાં મેરિટમાં સ્થાન મેળવ્યું છે. વધુ, આશ્ચર્યની વાત તો એ છે કે પોતે ડેન્ટલ સર્જરીમાં સ્નાતક હોવા છતાં હાલ દાહોદ ખાતે મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની ફરજ બજાવી રહી છે અને ભવિષ્યમાં યુપીએસસી પાસ કરી સનદી અધિકારી બનવાની ખેવના ધરાવે છે.

જયાં અસંખ્ય યુવાનો માત્ર એક બે પરીક્ષામાં નાપાસ થવાથી નાસીપાસ થઈ પરીક્ષા આપવાનું બંધ કરી દે છે તેમના માટે ગાંધીનગરના સે-૧૩-બીની ડૉ. સેજલ જસવંતકુમાર ચૌધરી પ્રેરણારૂપ ઉદાહરણ સમાન છે. ૨૧ પરીક્ષાઓમાં અસફળતા છતાં હજુ પણ તેમનો પરીક્ષાઓ પાસ કરવાનો આત્મવિશ્વાસ ડગ્યો નથી બલ્કે વધ્યો છે, તેમને તો સરકાર જે પરીક્ષા લે તે તમામ પાસ કરવી છે. અત્યાર સુધીમાં તેમણે ચીફ ઓફીસર, નાયબ ચીટનીસ, હાઈકોર્ટ કલાર્ક, તલાટી કમ મંત્રી, રેવન્યુ તલાટી, સિનિયર કલાર્ક-કુટિર ઉદ્યોગ, સ્પીપા ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫ તથા બેન્ક પીઓ-આઈબીપીએસ, સિમ્બોસીસ યુનિવર્સિટી હોસ્પીટલ મેનેજમેન્ટ, સી-મેટ ૨૦૧૪ સહિત તાજેતરમાં પરિણામ જાહેર થયેલ જીપીએસસી વર્ગ-૧, વર્ગ-૨ની પરીક્ષા પણ પાસ કરી લીધી છે.



ડેન્ટિસ્ટ હોવા છતાં મદદનીશ ટીડીઓની ફરજ બજાવતી ડૉ. સેજલને યુપીએસસી પાસ કરી કલેકટર બનવું છે

ડૉ. સેજલ ચૌધરી સર્ટિફાઈડ ડેન્ટિસ્ટ હોવા છતાં તેમણે સરકારી ખાતામાં નોકરી કરવાનું પસંદ કર્યુ છે અને તેમનો ધ્યેય યુપીએસસી પાસ કરી સનદી અધિકારી થવાનો છે. તેમણે શાળાકીય અભ્યાસ માઉન્ટ કાર્મેલ અને ધો-૧૧-૧૨નો ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ કડી શૈક્ષણિક સંકુલની સી.એમ. પટેલ હાઈસ્કૂલમાં કર્યો હતો. ત્યારબાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ ડેન્ટલ કોલેજમાંથી તેમણે બીડીએસની ડિગ્રી મેળવી હતી.ડૉ. સેજલની તમામ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવાની લગન માટે તેઓ પિતાની પ્રેરણાને મુખ્ય બળ હોવાનું જણાવે છે. તેમના પિતા ગાંધીનગરના સચિવાલયમાં ઈરિગેશન વિભાગમાં કર્મચારી હતા અને પોતાની બંને દિકરીને સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા પ્રોત્સાહિત કરતા રહેતા હતા. વર્ષ ૨૦૧૧માં તેમના પિતાનું અવસાન થયું પરંતુ હજુ પણ પિતાની પ્રેરણા તેમના હૃદયમાં જીવંત છે અને આ પરીક્ષાઓ પાસ કરી તેઓ પિતાને શ્રધ્ધાંજલિ સમર્પિત કરી રહ્યાંનો અહેસાસ મેળવી રહ્યાં છે.

સતત ૧૭ કલાકનું વાંચન કરી આકરી મહેનતે આ સિદ્ધિ હાંસલ કરતા ડૉ. સેજલ જણાવે છે કે સફળતા સરળતાથી નથી મળતી અને કરેલી મહેનત કયારેય નિષ્ફળ જતી નથી. ભવિષ્યમાં કલેકટર બનવાની ખેવના ધરાવતા ડૉ. સેજલને વાંચન ઉપરાંત કાર ડ્રાઈવીંગ, ફિલ્મો અને નવી નવી જગ્યાની મુલાકાત લેવાનો ખૂબ શોખ છે. તેમનો નિર્ધાર છે કે સરકાર જે પરીક્ષાએ બહાર પાડશે તે તમામ તેઓ પાસ કરી દેખાડશે. સલામ છે તેમના જુસ્સાને... તેમની લગનને...

(તસવીર : દર્શન મારૂ)

## @ગાંધીનગર

● સેકટર-૨ બાલા હનુમાનજી મંદિર ખાતે માટીમાંથી બનાવેલ મહાકાલેશ્વર શિવલીંગની આજ રોજ સ્થાપના કરી સાંજે ૭.૩૦ કલાકે મહાઆરતી કરાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે નટવરલાલ ત્રિવેદીના નિવાસ સ્થાને ૬૯૩/૨, સે-૩-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા શિવ મહિમ્ન સ્રોતના પાઠ ડૉ. મહેન્દ્રભાઈ દવેના નિવાસસ્થાને ૩, સાકેત ફલેટ, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે ધાન્યના અવિરત અભિષેક સાથે મહાઆરતી કરાશે.

● શ્રાવણ માસના ઉપક્રમે મંડળનો લઘુરૂદ્રાભિષેક ચંદુભાઈ પંડીતના નિવાસ સ્થાને દત્ત મંદિર, સે-૨૮ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ અને શિવવંદના આજ રોજ યોગેશભાઈ પંડયાના નિવાસસ્થાન ૧૪૨/૨, બી-૧ ટાઈપ, ગેટ નં. ૪ની સામે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● બાજખેડાવાળ મંડળ દ્વારા સે-૧૬ના બાલાજી મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન સ્રોતના પાઠ તેમજ વિષ્ણુ સહસ્ર પાઠ યોજાશે. જેના યજમાન સે-૩-ન્યુ નિવાસી જીજ્ઞેશ શેલત છે.

● સેકટર-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે અશોકભાઈ પંડયાના નિવાસ સ્થાન બ્લોક ૧૧૫/૧, છ ટાઈપ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ફુલના હિંડોળા યોજાશે.

● સેકટર-૩ રામેશ્વર મંદિર ખાતે ચોકલેટના હિંડોળા યોજાશે.

● પરમાર્થ સેવા ટ્રસ્ટ દ્વારા રૂદ્રાભિષેક સાંજે ૭.૩૦ કલાકે નવીનભાઈ રાઠોડના નિવાસ પ્લોટ નં. ઈ ૫૦૧, શ્રી રંગ ઓએસીસ, ગીફટ સીટી રોડ, રાંદેસણ ખાતે યોજાશે.

● સદ્ગુરુ શિવ કૃપાનંદ સ્વામીજી દ્વારા પ્રેરિત વિડિયો શિબિર આજે પ્લોટ નં. ૧૭૦૦/૨, સે-૨-ડી ખાતે સાંજે ૭-૦૦ કલાકે યોજાશે.

● પ્રોફેશનલ ફોટોગ્રાફર ગ્રૃપ અને વિડિયો ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા મફત ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન બપોરે ૧ થી ૫ કલાક જીમખાના સે-૧૯ ખાતે કરાયું છે.

- નજાહખાનમ સૈયદ

# સે-૫ના સીએનજી ગેસ પંપે ચલણી નોટો પર ચુકવનારનું નામ-ઠામ લખાય છે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૫ના સીએનજી ગેસ પંપ પર રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦ની ચલણી નોટો પર રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મનાઈ હોવા છતાં પેનથી નાણાં ચુકવનારનું ધરાર નામ લખવામાં આવે છે. આ ચલણી નોટો જો નકલી નીકળે તો નોટ આપનારને પરત કરવાના હેતુથી ગેસ પંપના સત્તાવાળાઓ દ્વારા આ નામ લખવામાં આવી રહ્યું છે.



થોડાક સમય અગાઉ ભારતીય રીઝર્વ બેંક દ્વારા ચલણી નોટો પર કોઈ પણ પ્રકારનું લખાણ નહી કરવાની સૂચના જાહેર કરવામાં આવી હતી. આ સૂચના બાદ તમામ બેંકોના કેશિયર દ્વારા પણ નોટોની થપ્પી પર લખવામાં આવતા આંકડા બંધ કરી દેવાયા છે. સમગ્ર દેશમાં જયારે ચલણી નોટો પર લખાણ કરવાનું બંધ કરી દેવાયું છે ત્યારે ગાંધીનગરના સે-૫ ખાતેના સીએનજી પંપ પર ગેસ પુરાવનાર પાસેથી નાણાની ચુકવણી માટે લેવાયેલ રૂ. ૫૦૦ અથવા રૂ.૧૦૦ની ચલણી નોટો પર નાણાં ચુકવનારનું નામ લખાવવામાં આવે છે. સરકારી ગેસ પંપ દ્વારા આ નોટોને તેમના ખાનગી બેંકના એકાઉન્ટમાં ભરવામાં આવે છે તે દરમિયાન જો ચલણી નોટ નકલી હોવાનું માલુમ પડે તો બેંક મેનેજર દ્વારા નોટ પર ફર્જી નોટનો સિક્કો મારી ગેસ પંપના સત્તાવાળાઓને પરત કરાય છે. ગેસ પંપના સત્તાવાળા આ નોટ પરના નામને આધારે નાણાં ચુકવનારને બોલાવી નોટ પરત કરે છે અને નીકળતા નાણાંની વસુલાત કરે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે બેંક દ્વારા પણ નકલી નોટનો સ્થળ પર નિકાલ અથવા પોલીસને જાણ કરવાને બદલે 'ફર્જી નોટ'નો સિક્કો મારી પરત કરવામાં આવે છે અને ગેસ પંપ દ્વારા પણ આ નોટનો નાશ કરવાને બદલે ચુકવનારને પરત કરવામાં આવે છે. ઘણા ગ્રાહકો ચલણી નોટ પર લખાણ કરવા બાબતે રીઝર્વ બેન્કની સૂચનાનો હવાલો આપી દલીલ કરે છે જેના કારણે અવારનવાર ગેસ પંપ પર નાની મોટી તકરાર દલીલોની ઘટના છાશવારે થતી રહે છે.

## સમગ્ર જિલ્લામાં ડબલ ચેરમેન કલબની સિદ્ધિ હાંસલ કરી



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૨૨ના દેવલબેન જોષીએ યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ ડબલ ચેરમેન કલબની સિધ્ધિ હાંસલ કરી છે. આ સન્માન મેળવવા તેઓ તેમના પતિ સાથે રશિયાના પીટસબર્ગ ખાતે જવા રવાના થઈ રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક સમય અગાઉ જ દેવલબેનને માત્ર ૧૨ દિવસમાં એક કરોડ રૂપિયાના કલેકશન માટે યુટીઆઈ દ્વારા દુબઈ ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

## રોડ નં. ૩ની ફુટપાથ પર રોજ એક દારૂડિયો પડેલો હોય છે



(તસવીર : સમીર રામી)

છેલ્લાં કેટલાક સમયથી રોડ નં. ૩ પર સે-૧૩, ૫, ૧૨ અને ૬ની ફુટપાથ પર છાશવારે દેશી દારૂ પીને હોંશ ગુમાવી ચુકેલા દારૂડીયાઓ બેહોશીની હાલતમાં પડેલા જોવા મળી રહ્યાં છે. આ પ્રકારના દશ્યો લગભગ દરરોજ જોવા મળે તેટલા સામાન્ય થઈ પડયાં છે જેના કારણે આ સેકટરના રહીશોમાં ભારે ચિંતાનો માહોલ છવાયેલો છે. ફુટપાથ પરથી પસાર થતી મહિલાઓ, બાળકો વગેરે માટે આ દશ્યો ખૂબ ભયજનક વર્તાઈ રહ્યાં છે વળી, આવા દારૂડીયામાં યુવાનોની સંખ્યા વધુ જોવા મળે છે. દેશીદારૂની લતમાં યુવા ધન બરબાદ થઈ રહ્યું છે. આ બાબતે પોલીસે વધુ કડક કાર્યવાહી હાથ ધરી દારૂના અડ્ડાઓ પર નિયંત્રણ લાવવાની જરૂર છે. ધોળે દિવસે રસ્તા પર પડેલા દારૂડિયાઓને જોઈ કૂમળા બાળમાનસ પર ઘેરી અસરો પડી રહી છે. જે આવનારી પેઢી માટે અત્યંત ચિંતાજનક બાબત છે.

## વાતવાતમાં

● સે-૯માં સંત રોહિદાસ સ્મૃતિ મંદિરે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૪૦૦ જેટલા દર્દીઓની તપાસ કરાઈ હતી. જેમાં સૌથી વધુ ચામડીના રોગના અને મેડીસીનને લગતા દર્દીઓ સૌથી વધુ હતા.

● પાટીદારોના પગલે બ્રાહ્મણોએ પણ અનામતની માંગ વ્યકત કરી છે. આજે અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ આગળ બ્રહ્મસમાજના ૧૦૮ બ્રાહ્મણોએ પ્રતિકાત્મક ઉપવાસ કર્યા હતા જેમાં ગાંધીનગરના બ્રહ્મસમાજના મહામંત્રી અશ્વિન ત્રિવેદી સહીત આગેવાનો જોડાયા હતાં.

● આજે ટાઉનહોલ ખાતે બપોર પછી બ્રહ્મક્ષત્રિય સમાજના તેજસ્વી તારલાઓ અને વડીલોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગરના હાસ્ય કલાકાર હરપાલ ઝાલાએ ઉપસ્થિત પરિવારોને હાસ્ય રસમાં તરબોળ કર્યા હતાં.

● આજે બપોરના સમયે સે-૧૩ સહિત નગરના કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા થયા હતા. જો કે નગરજનોની નજરો હજુ પણ શ્રાવણના સરવરિયાં માટે તરસી રહી છે.

● વાવોલના સુપ્રસિધ્ધ સિધ્ધનાથ મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવકથા કરાઈ રહી છે તો ગામની મધ્યમાં આવેલા રામજી મંદિરે રામકથા ચાલી રહી છે.

- સમીર રામી
9924446645

## અવસાન નોંધ

સેકટર-૨/ડી પ્લોટ નં. ૧૭૧૪/૧ ખાતે રહેતા નિવૃત્ત સેકશન અધિકારી રાજેશકુમાર વ્રજલાલ શાહ, ઉ.વ.૬૦નું તા. ૨૨ ઓગષ્ટના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ. રાજેશકુમાર વ્રજલાલ શાહનું બેસણું આજ રોજ તા. ૨૪ ઓગષ્ટે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન ખાતે રાખેલ છે.

## આજે સે-૫-એમાં બરફના અમરનાથની ઝાંખી

પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૪ ઓગષ્ટના રોજ સેકટર-૫-એ શિવ શકિત મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે અમરનાથ મહાદેવની ઝાંખીનું દર્શન નગરજનોને પંચમુખી મહાદેવના સાંનિધ્યમાં બરફના શિવલિંગ બનાવી દર્શન કરાવવામાં આવશે. આ બરફના શિવલિંગ દર્શનનો લાભ લેવા સૌ ભાવિક ભકતોને પધારવા પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખે જણાવેલ છે.

# નવા કોબામાં બાજી માંડીને બેઠેલા પાંચ શખ્સો પકડાયા

## રૂ. ૪૧,૩૦૦નાં મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક ન્યુ કોબા વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડી પાંચ જુગારીઓને રંગે હાથ પકડી પાડયા હતાં. બે વાહનો, એક મોબાઈલ અને રૂ. ૨૬૦૦ રોકડા મળીને કુલ રૂ. ૪૧૩૦૦ના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી લઈ ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોબા ગામની સીમમાં સ્થિત રાહેજા રોડ પરના નવા કોબા વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પી.આઈ. પી.બી.ચૌહાણ તથા તેમની ટીમે બપોરે દરોડો પાડી પાંચને પકડી લીધા હતાં. કોબાના ઠાકોર વાસમાં રહેતા મહેશ ગાંડા ઠાકોર, નવા કોબાનાં રફિક ધની મનસુરી, પીનલ વિક્રમ પટેલ, હરેશ ખોડા રાવળ અને કોબાનાં રણજીત બળદેવ રાવળ મળીને પાંચ શખ્સોની ઈટર્નો નં. જીજે-૧-ઈ.કયુ. ૮૩૯૧, ડીસ્કવર બાઈક નં. જીજે-૧૮-સી.ડી. ૧૪૦૨, એક મોબાઈલ અને રૂ. ૨૬૦૦ રોકડા મળી કુલ રૂ. ૪૧,૩૦૦નાં મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે.



ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડા, ભેટાઈ, શીયાવાડ જેવા ૯ ગામોની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૦૯ વૃદ્ધ મહિલાઓને ખાદ્ય સામગ્રી વિતરણ કરાઈ હતી. આ ઉપરાંત શીયાવાડ ગામની આંગણવાડીમાં ૧૯ બાળકોને કપડાં આપવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં રણજીતસિંહ, શ્રૃતિબેન, ત્રિવેદીભાઈ, ડૉ. અતુલ પંડ્યા અને મિલિન્દભાઈ હાજર રહ્યા હતા.

## જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા અખંડ ધૂનનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૩૦ ઓગષ્ટે સવારે ૯-૦૦ થી ૮-૧૫ કલાક સુધીનો મોટા અંબાજી મંદિર ખાતે જય અંબે અખંડ ધૂનનો કાર્યક્રમ યોજાશે.

ચામુંડા અતિથિ ગૃહ અંબાજીના સહયોગથી દર વર્ષે ધૂનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. અખંડ ધૂનમાં સામેલ થવા માટે દરેક શ્રધ્ધાળુને સંસ્થા દ્વારા સવારે ૮.૪૫ વાગ્યા સુધીમાં ચામુંડા અતિથી ગૃહ ખાતે એકત્રિ થવા જણાવાયું છે. ધૂન માટે ૪ ટીમ બનાવવામાં આવશે જે વારાફરથી ધૂન કરશે એટલે દરેક ટીમનો ત્રણ વાર વારો આવશે.

# રામ-કિશનની દોસ્તીની જયોત - પ્રેરણારૂપ પ્રકાશ પાથરી રહી છે



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

'અમારા બંનેના જીવ મળી ગયા છે, બંનેને બીજાની મુશ્કેલીમાં મદદ કરવા સદા તત્પર રહેવું પસંદ છે એટલે જયાં સુધી અમારા ખોળિયામાં જીવ છે ત્યાં સુધી તો જેને જરૂર પડશે તેને મદદ કરવા દોડતા રહીશું. અમારા બંને વચ્ચે આમ તો મનદુઃખ થતું નથી, અને થાય તો પણ બહુ જલ્દી ભૂંસાઈ જાય છે એટલે કોઈ અમને છુટા પાડવાનો પ્રયત્ન કરે તો પણ તેમાં સફળ નહીં થાય.' આ શબ્દો છે ગાંધીનગરના બે પાકટ વયના મિત્રો રામ-કિશનની જોડીના.

'સાત અજૂબે ઈસ દૂનિયા મેં આઠવી અપની જોડી' ફિલ્મ ધરમવીરના આ સદાબહાર ગીતને ગાંધીનગરની રામ-કિશનની જોડી સાર્થક કરી રહી છે. સે-૬-એમાં હાલ નિવૃત્તિ જીવનને સેકટરના રહીશોના રોજીંદા પ્રશ્નો ઉકેલવામાં પસાર કરતા આ બંને મિત્રોની દોસ્તી ૩૦ વર્ષથી પણ વધારે જૂની છે. ૭૦ વર્ષીય રામભાઈ પટેલ અને ૬૩ વર્ય કિશનભાઈ બ્રહ્મભટ્ટ સૌ પ્રથમ એકબીજાને એક આંદોલનમાં મળ્યા હતા. સચિવાલય એલાઈડ એમ્પ્લોયી એસોસિએશનના પ્રથમ પ્રમુખ રામભાઈ કર્મચારી અગ્રણી તરીકે આંદોલનમાં ભાગ લઈ રહ્યાં હતા. જયારે કિશનભાઈ અદાલતમાં નોકરી હોવાથી કોર્ટના કામે ત્યાં આવતા હતા. બંને એક જ સેકટરમાં રહેતા હોવાથી પરિચય વધ્યો અને સેકટરમાં નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ કરાવવામાં અગ્રેસર બનતા મિત્રતા ઘેરી બની. પછી તો જન્માષ્ટમી, શિવરાત્રિ, રામનવમી વગેરે તહેવારો પણ ઉજવવાના આયોજનો કર્યા અને ધાર્મિક પ્રવાસોના નહીં નફો, નહીં નુકસાનના ધોરણે આયોજનો કર્યા જે અવિરત હજુ ચાલુ જ છે.

વાત આટલેથી અટકતી નથી, દોસ્તી બંનેની પોતાના પુરતી મર્યાદિત ન રહેતા સમગ્ર વસાહત માટે ઉપયોગી થવામાં કામ આવવા લાગી. સેકટરની નાની સમસ્યાઓ જેમ કે પાણી ના આવવું, સફાઈ કામ ના થવું, સ્ટ્રીટ લાઈટ બંધ હોવી વગેરે તમામ માટે રામ-કિશનની જોડી જાણે ઉકેલ મેળવવાનું સ્થળ બની. સરકારી નોકરી પતાવી દરરોજ સાંજે બંને ઓટલે જાણે લોકદરબાર ભરીને બેસતા. આડોશ-પડોશના વસાહતીઓને બંને પર એટલો વિશ્વાસ કે ઘરના અંગત ઝઘડામાં પણ મધ્યસ્થી માટે તેમને બોલાવવા લાગ્યા. પાડોશીઓ વચ્ચેની તકરાર હોય કે કોઈ વસાહતી ઘરે પ્રસંગમાં કાંઈ ખૂટયું હોય તમામ હલ મળે રામ-કિશનની જોડી પાસે. સેકટરના રસ્તા પર નાના અકસ્માતમાં ઝઘડતા લોકોને છુટા પાડવાના હોય કે ઈજાગ્રસ્ત માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવાની હોય. કોઈના મરણપ્રસંગે અંતિમક્રિયાની વ્યવસ્થા ગોઠવવાની હોય કે શુભ પ્રસંગે મહેમાન સાચવવાના હોય. એમાં પણ કિશનભાઈ તો પાછા આકાશવાણી પર લોકગાયક પણ ખરાં એટલે ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત તેમના ભજનથી થાય. સેકટરમાં ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર દબાણ વધ્યું અને તેનાથી ગંદકી, અસભ્યતા સહિતના અન્ય પ્રશ્નો પણ ઉભા થયા. બંને મિત્રોએ લડતની આગેવાની લીધી અને વસાહતીઓ સાથે ખભાખભા મિલાવી તંત્રને ટકકર આપી.



આજે પણ આ જોડી નિવૃત્તિકાળમાં એવી જ કાર્યરત છે. દરરોજ સાંજે ૬.૩૦ વાગે અચૂક મળવાનું, સાથે બેસવાનું અને વસાહતીઓના પ્રશ્નો અંગે ચર્ચા કરતા રહેવાનું. વર્ષમાં બે વાર વસાહતમાં ઉજવણી કરવાની અને એમાં વસાહતીઓ સાથે વૃધ્ધાશ્રમના વડીલો, આદર્શ નિવાસી શાળાના બાળકોને પણ જમાડવાના. પ્રદૂષણ નિવારણ સમિતિ બનાવી સફાઈ અભિયાન ચલાવવાનું અને ધાર્મિક પ્રવાસોનું આયોજન કરતા રહેવાનું હવે તેમને કોઠે પડી ગયું છે. વર્ષો પહેલા સેકટરમાં અંબાજી મંદિરની સ્થાપના કરી ત્યારે અંબાજીથી લાવેલા દીવાની આજે પણ અખંડ જયોતિ પ્રજવલ્લિત છે. આ રામ-કિશનની દોસ્તી પણ અખંડ જયોતની માફક સેકટરના વસાહતીઓ માટે પ્રેરણારૂપ પ્રકાશ પાડી રહી છે.

## ચિલોડા સર્કલ પાસેથી બાઈક ચોર પકડાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાને આધારે તેમની ટીમના પીએસઆઈ ચાવડા, કોન્સ્ટેબલ જયવિરસિંહ, સંદિપસિંહ સહિતના માણસો ચિલોડા સર્કલ પાસે વાહન ચેકીંગમાં હતા ત્યારે એક બાઈક ચોરને પકડી પાડયો હતો. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના બાવળા ખાતેથી જીજે-૧-એ.એફ. ૪૯૨૮ નંબરના પેશન બાઈક સાથે હિંમતનગર વિસ્તારના બાઈક ચોર જાવેદ અબ્દુલ લુહારની ધરપકડ કરી ગાંધીનગર એલીસીબી એ અમદાવાદ રૂરલના બાવળા પોલીસને આરોપી સોંપવા તજવીજ શરુ કરી છે.



## ચિરવિદાય

- સ્વ. નિકીશ મનુભાઈ પટેલ, ઉ.વ.૫૯, પ્લોટ નં.૧૦૦૮/૧, સેકટર-૨-ડી, ગાંધીનગર.
- સ્વ. રાજેશભાઈ વ્રજલાલ શાહ, ઉ.વ.૬૦, પ્લોટ નં. ૧૭૧૪/૧, સેકટર-૨-ડી, ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૫૫, મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. દિલીપસિંહ રઘુજી બિહોલા, ઉ.વ. ૪૧, મુ. પાલજ, ભગતવાસ, તા.જી. ગાંધીનગર.